ગાંધીનગર સમાચાર
તા. ૧૩-૧-૨૦૧૪, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### સમાજવાદી સરકારના કાતિલ જલસા

ઉત્તરપ્રદેશની સમાજવાદી પાર્ટીની સરકારે બાર દિવસનો ભવ્ય સૈફઈ મહોત્સવ યોજીને નાણાંની રેલંછેલ ચલાવી તેની મીડિયા સહિત અનેક સ્તરે વ્યાપક નોંધ લેવાઈ છે. આવા જલસા મુલાયમસિંહના શાસનકાળથી શરૂ થયેલા, જે વચ્ચે માયાવતીની સરકાર આવતાં બંધ થયા હતા. વતનના ગામ સૈફઈને મુલાયમસિંહ પેરિસ બનાવવાનાં સપનાં જોતા રહ્યા છે. સૈફઈના આવા જલસાઓમાં અગાઉ અમિતાભ બચ્ચન પણ નાચ્યા છે, હવે તેઓ મોદીજીના દોસ્ત બની ગયા હોઈ ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડર બન્યા છે. પરંતુ એથી શું? અમિતાભ બચ્ચનથી ચાર ચાસણી ચડે એવા બોલીવુડના નામીચા કલાકારો મુલાયમસિંહ કહેતા ‘નેતાજી’ અને એમના સુપુત્ર અખિલેશ યાદવ સામે મુજરો કરવા તૈયાર છે. કરોડો રૂપિયાનો ધુમાડો કરી ઉત્તર પ્રદેશ સરકાર દર વર્ષે આ કલા મહોત્સવ ઊજવતી રહે છે. આ વખતના ઉત્સવમાં ચાર્ટર પ્લેન મારફત સલમાન ખાન, માધુરી દીક્ષિત અને મલાઈકા જેવા સ્ટાર્સને સૈફઈમાં ઠાલવી દઈ શિયાળાની કાતિલ ઠંડીમાં પ્રજાજનોને નૃત્ય સંગીત અને દેહ સૌદર્ય પીરસી ગરમાવો આપવાનો પુરુષાર્થ અલબત્ત, ઘણો વિવાદાસ્પદ નીવડયો છે. અખિલેશ યાદવને જયારે માધુરી દીક્ષિતને અને નસીરૂદ્દીન શાહને ચમકાવી ફિલ્મ ‘ડેઢ ઈશ્કિયા’માં કોમન મેન- આમ આદમીનો મહિમા થયો હોવાનું જણાવાયું ત્યારે સૈફઈમાં એ ફિલ્મ બતાવવાનું માંડી વાળ્યું- તે શું સૂચક નથી? એક તરફ મુઝફ્ફરનગરનાં રમખાણોમાં સ્વજનો અને ઘરબાર ગુમાવી બેઠેલાં દુખિયારાં નિર્વાસિતોને ઠંડીમાં ઠૂંઠવાતાં મરવાના વાંકે જીવવાની ફરજ પડી છે. એમના માથે છાપરું નથી, પેટની આગ ઠારવા પૂરતું અન્ન નથી. તંબૂઓમાં પડી રહેલાં આ વસુંધરાનાં વહાલાં દવલાંના ઘા પર મીઠું ભભરાવતા હોય એમ મુલાયમસિંહ યાદવ એમને તોફાની અને ગુંડા તત્વો કહી ભાંડે છે. બીજી તરફ લશ્કરે તોયબા જેવાં આતંકવાદી સંગઠનો, ઉપર આકાશ અને નીચે ધરતી જેવી કરમની કઠણાઈ ભોગવી રહેલા લઘુમતી સમાજના રમખાણોમાં બધું જ ગુમાવી ચૂકેલા યુવાનો અને કિશોરોને લાલચ આપીને આતંકવાદી બનાવવાની પેરવી કરી રહ્યાં છે. આ વિશેની સૌ પહેલી માહિતી વિધાનસભાના ચૂંટણી પ્રચાર દરમિયાન ઈંદોર ખાતેની જાહેરસભામાં ખુદ કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ ‘લીક’ કરી હતી છેલ્લે એ વાત સાચી હોવાનાં પ્રમાણ સાંપડી રહ્યાં છે. જો કે રાહુલ ગાંધીએ આવી વાત જાહેર વકતવ્યમાં રજૂ કરી ત્યારે ઘણાં મુસ્લિમ સંગઠનોએ નારાજગી વ્યક્ત કરી હતી. પરંતુ માણસ પાસે જીવવાનો કોઈ આરો-ઓવારો ન બચે ત્યારે એ કોઈપણ હદે જઈ શકે છે. મોટા ભાગના આતંકવાદીઓ આવી દારૂણ ઘટનાઓની પ્રતિક્રિયા સ્વરૂપે જ જન્મે છે. ૨૦૦૨નાં કુખ્યાત રમખાણોએ આવા ઘણા આતંકવાદીઓ પેદા કર્યા છે તે કોણ નથી જાણતું? મોદી હોય કે મુલાયમઃ એમણે રાજધર્મ બજાવવામાં જ્યારે પણ ચૂક કરી છે ત્યારે એનાં દુષ્પરિણામો મળ્યાં છે. મુલાયમ તો મુસલમાનોના મસીહા મનાતા રહ્યા છે. કોણ જાણે કેમ, એમને પોતાની નજર સામે ખુલ્લા આકાશ નીચે પોષની કાતિલ ઠંડીમાં ઠૂંઠવાઈને મરણશરણ થઈ રહ્યાં રમખાણગ્રસ્ત મુસલમાનોનાં બાળકો દેખાતાં જ નહીં હોય! એમના લાડકા મુસ્લિમ મિનિસ્ટર આઝમખાન આવા સંજોગોમાં મંત્રીઓ અને ધારાસભ્યોનું મોટું પ્રતિનિધિ મંડળ લઈ વિદેશની સહેલગાહે ઊપડ્યા છે. મુલાયમસિંહ કે અખિલેશને આમાં કશું ખોટું થઈ રહ્યું હોય એમ નથી લાગતું. સામે ૨૦૧૪ની ચૂંટણી આવી રહી છે. નેતાજીએ ત્રીજા મોરચાની સરકાર રચવાના મનસૂબા સેવ્યા છે. વિનાશકાળે વિપરીત બુદ્ધિ તે આનું નામ.

---

કડી કેમ્પસ ખાતે સ્વ. માણેકલાલ પટેલની દ્વિતીય પુણ્યતિથીએ યોજાયેલ સમારોહમાં

# ૧૦૭૮ વિદ્યાર્થીઓને માણેકલાલ પટેલ મેમોરીયલ સ્કૉલરશીપ એનાયત






ગાંધીનગર, તા. ૧૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય અને કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી-ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે સંસ્થાના ચેરમેન સ્વ. માણેકલાલ એમ. પટેલની દ્વિતીય પુણ્યતિથીની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનો દ્વારા સ્વ. માણેકલાલ પટેલને શ્રદ્ધાંજલિ અર્પીને ‘માણેકલાલ મેમોરીયલ સ્કોલરશીપ’નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ગાંધીનગરના કડી કેમ્પસ -૨૩ ખાતે રાખવામાં આવ્યું હતું.

વ્યક્તિ મહાન નથી પરંતુ સંસ્થા મહાન છે. એવા માનવતાવાદી વિચારી ધરાવનાર સ્વ. માણેકલાલ પટેલે સંસ્થાના સંર્વધન આવનાર પેઢીના બાળકો શિક્ષણથી પછાત રહે તે માટે સતત પ્રયત્નશીલ રહ્યા હતા. આ સંસ્થાને છગનભા દ્વારા મળેલ સૂત્ર કર ભલા હોગા ભલાને સાર્થ કરી બતાવ્યું છે.

વિદ્યાર્થીઓ પ્રત્યે અપાર સ્નેહ અને સંસ્થા માટે પોતાનું જીવન સમર્પિત કરનાર સ્વ. માણેકલાલ પટેલની સ્મૃતિમાં આ સ્કૉલરશીપ એનાયત કરવામાં આવે છે. આ દ્વિતીય પુણ્યતિથિ નિમિત્તે શિક્ષણમાં શ્રેષ્ઠ ગુણવત્તા ધરાવતાં ૪૨૨ વિદ્યાર્થીઓને રૂા. ૭૦ લાખની માણેકલાલ મેમોરીયલ સ્કૉલરશીપ અને શિક્ષણ મેળવવું હોય પરંતુ આર્થિક રીતે સધ્ધરતા ન હોય તેવા ૬૫૪ વિદ્યાર્થીઓને રૂા. ૬૮ લાખની માણેકલાલ મેમોરીયલ મીન્સ સ્કૉલરશીપ એનાયત કરવામાં આવી છે એમ વર્તમાન કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી- ગાંધીનગરના ચેરમેન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટે પોતાના વ્યક્તવ્યમાં જણાવ્યું હતું.

સ્વ. માણેકલાલ પટેલને ગાંધીનગરને એક વિદ્યાનગરીમાં તબદીલ કરનાર અને વિદ્યાર્થીઓના હૃદયમાં હંમેશા જીવંત રાખશે. તેમના આ ઉમદા કાર્યમાં હરહંમેશા સાથ આપનાર દાતાશ્રીઓ, હોદ્દેદારોનું ગાંધીનગર હંમેશા ઋણી રહેશે એમ ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્તભાઈ જહાએ તેમને શાબ્દિક શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં જણાવ્યું હતું.

મોહનભાઈ પટેલ દ્વારા રચિત સ્વ. માણેકલાલના જીવનને ચરિતાર્થ કરતું પુસ્તક ‘ધ્રુવતારક’ અને ‘છગનભા’ ગુજરાતી પુસ્તકનું અંગ્રેજીમાં અનુવાદ કરેલા પુસ્તકનું વિમોચન ઉપસ્થિ મહાનુભાવો હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગ કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલ,કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગરના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડીના પ્રમુખ ડૉ. રામભાઈ પટેલ,મહેન્દ્રભાઈ પટેલ, જયંતિભાઈ પટેલ, નારાયણભાઈ પટેલ, વિઠ્ઠલભાઈ ચોકસી, ભરતકુમાર પટેલ, ઈશ્વરભાઈ પટેલ, અમરતભાઈ પટેલ, અશ્વિનભાઈ પટેલ, શામળભાઈ પટેલ, બળદેવકુમાર, રશિકભાઈ પટેલ, ભોળાભાઈ પટેલ, કાળીદાસ પટેલ, વિનોદકુમાર, વિજયકુમાર, કાન્તીભાઈ પટેલ, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્તભાઈ જહા સહિત સંસ્થાના આ પ્રસંગે સંસ્થાના સંવર્ધનમાં પાયારૂપ બનનાર દાતાશ્રી, હોદ્દાદારો, વિદ્યાર્થીઓ સહિત વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. યુનિવર્સિટીના રજીસ્ટ્રાર સૂર્યક્રિશ્નન મંત્રાલા, પરીક્ષા નિયામક પ્રકાશભાઈ શાહની ટીમે કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

---

# ઈજનરી ફ્રી સ્પોર્ટસમેન સેમિનારમાં રમતવીરોને થતી ઈજાઓનું નિરાકરણ

ગાંધીનગર, તા. ૧૨

ક્રિકેટને બાદ કરતા અન્ય રમત-ગમત ક્ષેત્રે હજુ પણ ઉપેક્ષા સેવાય છે. ઘણાં યુવાનો આર્થિક અને કૌટુંબિક કારણોસર આ ક્ષેત્રે કારકિર્દી બનાવતાં નથી. અને કેટલાક બનાવે છે તો ઈજાનાં કારણસર સારવારથી નાસીપાસ થઈ અન્ય ક્ષેત્રે તડજોડ કરી જોડાઈ જાય છે.

અનેક સરકારી કે મોટી કંપનીમાં સ્પોર્ટસ ક્વોટા પર સુંદર નોકરીની તક રહેલી હોય છે, પણ ઈજાને કારણે ઘણાં આશાસ્પદ સુંદર રેકોર્ડ ધરાવતાં ખેલાડીઓ આ તક ચૂકીને એક સામાન્ય નોકરી તરફ વળે છે. રમત-ગમતનાં ખેલાડીઓને ઈજાઓ, પ્રતિબંધીત દવાઓ, પ્રવાહીની જરૂરીયાત, સમતોલપણું, કસરતની અગત્યતા, માનસિક સમતોલન વગેરે શીખવવામાં આવતું નથી તેઓ કાં તો પોતાની ભૂલમાંથી અથવા તો અન્યના અનુભવમાંથી શીખે છે.

સફળતા માટે સારા રમતવીર સાથે સારા ટીમ મેનેજર અને ડૉક્ટર, કોચની પણ અગત્યતા છે. અમદાવાદમાં પ્રથમ વખત જ અલગ અલગ ડૉક્ટર એક મંચ પરથી રમતવીરોને ટ્રેઈન કરશે. રોટરી ક્લબ અમદાવાદ મેટ્રો તથા કાર્ટીલેજ સોસાયટી સાથે મળીને આ ‘ઈજનરી ફ્રિ સ્પોર્ટસમેન’ના સેમિનારનું ભવ્ય આયોજન ૧લી ફેબ્રુઆરીએ હોટેલ ધ મેટ્રોવોલીન, સુભાષબ્રીજ ખાતે રાખવામાં આવ્યું છે.

અમદાવાદનાં નિષ્ણાંત સર્જન ડૉ. દીપક ગોયલ અને ઈ.એન.ટી. સર્જન ડૉ. મનન શાહ સાથે અન્ય એક્ષપર્ટ ડૉક્ટર, સ્પોર્ટસમેનનો ઈજાનું વહેલુંનિદાન, મોટી ઈજાની ગંભીરતા, પ્રતિબંધીત દવાઓ, સ્પોર્ટસટૂલ વગેરેનું જ્ઞાન આપી એમની ઈજા નિવારણમાં માર્ગદર્શક બનશે. વધુ માહિતી માટે પ્રોજેક્ટ ચેરમેન ડૉ. દીપક ગોયલ -૯૮૨૫૦૬૭૩૩૪, ડૉ. મનન શાહ-૯૮૨૫૦૯૭૮૩૨ અને ગાંધીનગરના લોકલ કૉઓર્ડિનેટર સંજય થોરાત-૯૯૨૪૦૫૭૦૪૯નો સંપર્ક સાધવા જણાવાયું છે.

---

## હરિની દૃષ્ટિ...




*ઉતરાયણ નિમિત્તે પાંચ ગાયને ઘાસ ખવડાવી, માંડ પૂણ્ય કમાયો છું, તું પક્ષી મારી છે એમાં ભાગીદાર નથી થવું.*

---

## અમારે અમારૂ જીવન વહેંચવું છે

# ચારણ-ગઢવી સમાજના કવિઓના સંમેલનમાં કવિતા રસની છોળો ઉડી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર હવે સાહિત્ય નગરી તરીકે પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી ચુક્યું છે. આજે શહેરનો સમગ્ર દિવસ વિવિધ પ્રવૃત્તિઓથી ધમધમતો રહ્યો હતો. જેમાં સેવાકીય અને શૈક્ષણિક કાર્યક્રમો ઉપરાંત સાહિત્યિક પ્રવૃત્તિ પણ યોજાઈ હતી. સે. ૨૩માં કડી કેમ્પસમાં આવેલ બ્રહ્માણી કૃપા હોલમાં અખિલ ગુજરાત ચારણ ગઢવી સમાજ ટ્રસ્ટ દ્વારા ચારણ સમાજના કવિઓનું કવિ સંમેલન યોજાયું હતું. જેમાં ૭૫ વર્ષીય જીતુદાન ગઢવી સહિત યુવાન કવિઓએ પણ પોતાની કૃતિઓ રજૂ કરી હતી.

ગઢવી-ચારણોની ગળથુથીમાં જ સાહિત્ય ભળેલું હોય છે. આ વાતની પ્રતિતિ કરાવતુ આ કવિ સંમેલન આઈએએસ અધિકારી પ્રવિણભાઈ ગઢવીના અધ્યક્ષસ્થાને યોજાયું હતું. આ કાર્યક્રમમાં સર્વશ્રી જીતુદાન ગઢવી, ઘનશ્યામ કવિ, ગોવિંદ ગઢવી ‘સ્મિત’, ઈશુભાઈ ગઢવી, મિલીન્દ ગઢવી, ભરત કવિ ‘ઉર્મિલ’, દિનેશ મ્હાવલ, શિવદાન ઝુલા, બાબુદાન ગઢવી, મહેન્દ્ર ગઢવી ‘નીલ’, રામદાન ગઢવી અને જગદીશ ગઢવી જેવા ચારણ ગઢવી સમાજના દિગ્ગજ કવિઓએ તેમની કવિતાઓનો રસાસ્વાદ કરાવ્યો હતો. આ કવિ સંમેલનને માણવા ગુજરાત રાજ્યના પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન મહેન્દ્ર ત્રિવેદી, ગાંધીનગર સાહિત્ય સભાના અધ્યક્ષ અને વરિષ્ઠ સાહિત્યકાર દોલત ભટ્ટ, ગાંધીનગર સમાચાર દૈનિકના સુપ્રભાતમ કટારના લેખક સુરેશભાઈ ભટ્ટ અને કવિ કિશોર જીકાદરા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત અમદાવાદ જિલ્લાના શિક્ષણાધિકારી અશોકસિંહ રાઠોડ, વી.એસ. ગઢવી અને જાણીતુ કલાપ્રેમી દંપતિ જયરાજસિંહ સરવૈયા અને આશાબેન સરવૈયાની પ્રેરક હાજરી રહી હતી. ગાંધીનગર સાહિત્યસભાના સભ્યો, ચારણ ગઢવી સમાજના કલાપ્રેમીઓ તેમજ શહેરના કવિતા પ્રેમી નાગરિકોએ આ કવિ સંમેલનનો ખૂબજ રસપૂર્વક આસ્વાદ માણ્યો હતો.

આ કાર્યક્રમનું સફળ અને રસપ્રદ સંચાલન ગોવિંદ ગઢવી ‘સ્મિત’ દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંકલન ચારણ ગઢવી સમાજ ટ્રસ્ટના પ્રમુખ અને ભરત કવિ ‘ઉર્મિલ’ દ્વારા કરવામાં આવ્યું હતું. આયોજનની સફળતા માટે મનહરદાન બી. ગઢવી, પ્રભુદાન બી. ગઢવી અને અજિતદાન ગઢવી સહિત કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

“તુટી જવું, તરણી જવુ અને
ખળભળી જવું,
આ જીવનનું બીજુ નામ છે ઓગળી
જવું.”
“ઈસલીયે ઝગમગાતા હું, ચિરાગો
કે ઘરસે આતા હું,
હવા ભી મુઝસે પુછતી હૈ, ખુશ્બુ કા
પતા મૈં બતાતા હું,
**- ગોવિંદ ગઢવી ‘સ્મિત’**
“હૈ આસમાં કો પાના,
તો પહેલે અપના આશિયાના
જલાદો,”
**- જીતુદાન ગઢવી**
“આમ તો હું આદમી સવાયો છું,
પણ લાગણીના ડંખથી ઘવાયો છું.”
**- ભરત કવિ ‘ઉર્મિલ’**

---

# ડોમેસ્ટીક વાયોલન્સ એકટનો મુખ્ય હેતુ એ ઘરની ચાર દિવાલ વચ્ચે થતી હિંસા એ કોઈપણ પ્રકારની હોય એ અટકાવવાનો છે

**મહિલા સમાજ અને કાયદો**
**અંક-૨૬**
**ડો. ભાવના કે. જોશીપુરા**

આપણે ગત અંકમાં રક્ષણ અધિકારી વિશે સમજણ મેળવી રહ્યા હતા. આ કોલમ લખવાનો હેતુ એ દરેક વ્યક્તિને સાચા અર્થમાં રક્ષણ અધિકારી (પ્રોટેકશન ઓફિસર) સંદર્ભે માહિતી મળે તે પ્રકારનો છે. ખાસ કરીને અગાઉની કોલમમાં પણ સેવા પુરી પાડનાર સંસ્થા વિશે વિગતવાર ચર્ચા કરી હતી. આ ડોમેસ્ટીક વાયોલન્સ એકટનો મુખ્ય હેતુ એ ઘરની ચાર દિવાલ વચ્ચે થતી હિંસા એ કોઈપણ પ્રકારની હોય એ અટકાવવાનો છે.

આ કાયદાની આપણે લાંબા સમયથી આ કોલમમાં ચર્ચા કરી રહ્યા છીએ. વ્યક્તિએ સેવા પુરી પાડનારાઓ, રક્ષણ અધિકારી, આશ્રય સ્થાન આ ત્રણ બાબતો વિશેષ રીતે જાણવી જરૂરી છે. ડોમેસ્ટીક વાયોલન્સ એકટની ફરિયાદ અને તેની આગળની કાર્યવાહીએ પણ અગત્યનો મુદ્દો છે. ખાસ આ બાબતનો ઉલ્લેખ એટલા માટે કરું છું કે આ કોલમ વાંચ્યા બાદ કેટલાક લોકોએ ગાંધીનગરમાં સેવા પુરી પાડનારાઓ સંદર્ભે તેમજ રક્ષણ અધિકારી કોણ છે? તે જાણવા સંદર્ભે ઈન્તેજારી બતાવી.

એક આધેડ વયનું દંપતીની વ્યથા જોઈએ તો, સરલાબેન અને રમેશભાઈની ઉંમર આશરે સાંઈઠ આસપાસ હશે. રમેશભાઈ નિવૃત્તિ પછી પોતાની મનગમતી પ્રવૃત્તિમાં પત્ની સાથે આનંદમય સમય પસાર કરવાનો નિર્ધાર કરીને એક શહેરમાં પોતાનું મકાન પણ બનાવે છે. રમેશભી ચાલુ નોકરીમાં હતા ત્યારે જ પોતાના વયમાં આવેલા દિકરા કહાનને ધામધૂમ પૂર્વક પરણાવે છે. કહાનના લગ્ન પહેલાં જ સરલાબેન અને રમેશભાઈ એવું વિચારે છે કે કોઈ દિકરી ખરા અર્થમાં લાગણી પામી ન હોય તેવી દિકરીને જ કહાનની પત્ની તરીકે પસંદ કરવી, અને તેમ જ બને છે. સરલાબેન અને રમેશભાઈને કહાનને લાયક પુત્રવધુ મોસમી પસંદ કરે છે. મોસમીને પોતાના બાળપણમાં માતાપિતાનો પ્રેમ કોઈપણ કારણસર પ્રાપ્ત થયો નથી. સરલાબેન અને રમેશભાઈ પુત્રવધુને અનુકૂળ થવાની કોશિષ કરી રહ્યા છે પરંતુ કોઈપણ કારણસર મોસમીને સાસુ-સસરા સાથે મેળ રહેતો નથી. માતાપિતા કહાનને પોતાનું લગ્નજીવન સારી રીતે ચાલે તે સંદર્ભે કહાન અને મોસમીને સ્વતંત્ર એકલા રહેવા વ્યવસ્થા કરી આપે છે.

કહાન અને મોસમીના અલગ રહેવા ગયા બાદ પણ મોસમીને સાસુ-સસરા ઉપર ખોટી રીતે ગુસ્સો આવ્યા કરે છે. અને આ ગુસ્સો એ મોસમી શબ્દો મારફત વ્યકત કરે છે. સરલાબેન માટે આ બધું જીરવવું બહુ અઘરું થઈ પડે છે. વારંવાર મનમાં એવો પ્રશ્ન થાય છે કે હજારો લોકો માત્ર મનમાં આવે તે બોલીને અને ગમે તેવા શબ્દો વાપરીને સામી વ્યક્તિને દુઃખ પમાડે છે એટલું જ નહીં કેટલીકવાર આવી બાબતને લઈને લગ્નજીવન સંદર્ભેની વિકટ સમસ્યા ઉભી થાય છે.

એક દૂરનો કિસ્સો યાદ કરું તો, રૂચા અને પારસનું લગ્ન થયું. રૂચા અતિ સ્વરૂપવાન, બોલે તો ગાલમાં ખાડા પડે, લાંબાવાળ અને સાચા અર્થમાં એક સુંદર યુવતી. રૂચાના લગ્ન થયાં ત્યારે રૂચા માત્ર ૧૯ વર્ષની હતી. રૂચા અને પારસ પોતાના લગ્ન સંદર્ભેના ફોટાનું આલબમ જોઈ રહ્યા હતા ત્યારે પારસથી અનાયાસ બોલી જવાયું, ‘તારી મમ્મી કેટલી સુંદર લાગે છે?’ પારસે એમ પણ કહ્યું કે રૂચાની મમ્મી રૂચા કરતાં વધારે સુંદર લાગે છે રૂચાએ વળતો જવાબ આપ્યો, ‘મારી મમ્મી સાથે જ લગ્ન કરવા હતા ને!’ રૂચાના જવાબ પછી બીજે દિવસે સવારે પારસ રૂચાને તેના મમ્મી પાસે લઈ ગયો અને એમ કહ્યું કે રૂચાને બોલતાં શીખવાડો અને રૂચાને સંસ્કારી ભાષા શીખડાવો પછી તેડી જઈશ.

> ***હજારો લોકો માત્ર મનમાં આવે તે બોલીને અને ગમે તેવા શબ્દો વાપરીને સામી વ્યક્તિને દુઃખ પમાડે છે એટલું જ નહીં કેટલીકવાર આવી બાબતને લઈને લગ્નજીવન સંદર્ભેની વિકટ સમસ્યા ઉભી થાય છે***

રૂચા અને પારસ આવી નજીવી બાબતમાં છૂટાં પડી ગયાં, આમ આ બાબત દેખીતી દૃષ્ટિએ નજીવી લાગે પરંતુ જયારે કાઉન્સીલીંગ માટે કેસ આવ્યો અને ગંભીરતાપૂર્વક આ બાબત ઉપર વિચાર થયો ત્યારે ઉતાવળે બોલવાની બાબત અને મનમાં જે આવે તે બોલવાની બાબત પતિ અને પત્ની એટલે કે રૂચા અને પારસ બંનેમાં હતી. પારસ એક જ વાત કરતો હતો કે રૂચાને બોલવાનું ભાન નથી, જો આ પ્રકારે ભવિષ્યમાં બને તો અને અન્ય બાબતમાં બને તો પારસ સહન ન કરી શકે. રૂચા અને પારસના કાઉન્સીલીંગ અને નિરાકરણ બાબતે વાત કરતાં પહેલા આપણે પાછા મૂળ બાબત પર આવી કે -

કોઈપણ વ્યક્તિને ઘરની ચાર દિવાલ વચ્ચે હિંસા થતી હોય અને જો આવી હિંસાનો ભોગ બનનાર વ્યક્તિએ સ્ત્રી હોય તો આવી સ્ત્રી હિંસા ઉભી કરનાર વ્યક્તિ વિરુદ્ધ તુરત જ સેવા પૂરી પાડનારનો સંપર્ક કરી શકે છે. વારંવાર ઉલ્લેખ કર્યો છે કે દરેક જિલ્લામાં કમિશ્નરશ્રી મહિલા અને બાલ વિકાસ ગુજરાત રાજય અંતર્ગત વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો ચાલે છે અને આ વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રોના કેન્દ્ર સંચાલક અને કાઉન્સીલરને સેવા પુરી પાડનારનો દરજ્જો કાયદેસર રીતે આપવામાં આવેલ છે. ગુજરાત રાજય સમાજ કલ્યાણ બોર્ડ અંતર્ગત દરેક જિલ્લામાં કુટુંબ સલાહ કેન્દ્રો ચાલે છે અને આ કુટુંબ સલાહ કેન્દ્રોના કાઉન્સીલરોને પણ સેવા પૂરી પાડનાર તરીકે કાયદેસર દરજ્જો પ્રાપ્ત થયેલ છે. આ બધી બાબત હોવા છતાં દરેક વ્યક્તિને સેવા પૂરી પાડનાર કોણ છે તે સંદર્ભે પ્રશ્ન રહે છે. દરેક જિલ્લામાં સમાજ સુરક્ષા અધિકારીની કચેરી હોય છે અને રક્ષણ અધિકારી એ જ સમાજ સુરક્ષાનો એક ભાગ છે જેથી દરેક જિલ્લાના સમાજ સુરક્ષા વિભાગ મારફત દરેક જિલ્લાના રક્ષણ અધિકારી કોણ છે તેની માહિતી મળે છે અને રક્ષણ અધિકારી મારફત દરેક જિલ્લાના સેવા પૂરી પાડનારની માહિતી મળે છે.

આપણે જોયું રે રક્ષણ અધિકારીની એક વિશેષ ફરજ બની રહે છે. આમ તો કાનૂની જાગૃત્તિ શિબિરો દરેક જિલ્લામાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા યોજાય છે, કેટલીકવાર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ સમાજ સુરક્ષા સાથે રહીને પણ કાનૂની જાગૃત્તિ શિબિર યોજે છે. તેનો હેતુ, કાયદાના પ્રચાર અને પ્રસારનો છે. આગલા બંને કિસ્સાની ચર્ચા કરતાં પહેલા કલમ-૯નું વિવરણ સમજીએ...

કલમ -૯નું વિવરણ :-

અત્રે આ કાયદામાં રક્ષણ અધિકારીએ કાયદાના અસરકારક અમલીકરણ માટે કેન્દ્રસ્થ વ્યક્તિ હોય તેની ફરજો જે પ્રકારે નક્કી કરવામાં આવે છે તે એક જોતા બહુ આયામી પરિમાણ ધરાવે છે કારણ કે ન્યાયતંત્રની કાર્યવાહીમાં મદદરૂપ થવા અર્થેની બાબતથી લઈ અને ન્યાયાધીશ પાસે પણ જે તે બનવાની વિગતો રજૂ કરવાની સાથે ભોગ બનનાર વ્યક્તિ તરફે પણ કેટલીક જવાબદારીઓ નક્કી કરી દેવામાં આવેલ છે.

ખાસ કરીને મફત અને સક્ષણ કાનૂની સેવા મેળવવા તેમજ ભોગ બનનાર વ્યક્તિ કાનૂની મદદથી વંચિત ન રહે અને ખાસ કરીને કાનૂની સેવા સત્તા અધિનિયમ ૧૯૮૭ અંતર્ગત પણ આ પ્રકારની વ્યક્તિ કાનૂની સહાય મેળવવાને પાત્ર બને ત્યાં સુધીની ફરજ રક્ષણ અધિકારી માટે નિયત કરવામાં આવે છે. આ ઉપરાંત શારીરિક ઈજાના સંદર્ભમાં તબીબી તપાસ અને મદદ, આશ્રય ઉપલબ્ધ બનાવવું વગેરે જેવી બાબતો આવરી લેવામાં આવે છે.

આ કલમમાં રક્ષણ અધિકારીની ફરજો અને કાર્યો વિશે જણાવવામાં આવ્યું છે. આ કલમ અંતર્ગત જયારે ઘરેલું હિંસા બન્યાનો રિપોર્ટ રક્ષણ અધિકારીને કરવામાં આવે અને ભોગ બનનાર વ્યક્તિ રક્ષણ હુકમ મેળવવા ઈચ્છતી હોય તો રક્ષણ અધિકારી તેના નિશ્ચિત ફોર્મ મેજીસ્ટ્રેટને એ પ્રમાણે અરજી કરશે, કાનૂની સેવા સત્તા અધિનિયમ, ૧૯૮૭ અંતર્ગત ભોગ બનનાર વ્યક્તિને કાનૂની સહાય પૂરી પાડશે. આશ્રય સ્થાનોનું એક લીસ્ટ રખાશે. જો ભોગ બનનાર વ્યક્તિ ઈચ્છે તો તેને આશ્રયસ્થાન પણ ઉપલબ્ધ કરી શકે. જો ભોગ બનનાર વ્યકિતને શારીરિક ઈજા થયેલ હોય તો તેની વૈદકિય તપાસ કરાવી શકે તેમજ આ કાયદાની કલમ-૨૦ અંતર્ગત નાણાકીય સહાય માટે અરજી કરી શકે કે જેના હુકમની બજવણી ફોજદારી કાર્યરીતિ સંહિતા ૧૯૭૨ મુજબ તેજની બજવણી થશે અને આ તમામ ફરજો રક્ષણ અધિકારીએ કેન્દ્ર સરકારે નક્કી કરેલા નિયમો મુજબ કરશે અને આ રીતે રક્ષણ અધિકારી મેજીસ્ટ્રેટ તથા સરકારના માર્ગદર્શન તેમજ નિયંત્રણ હેઠળ કાર્ય કરશે.